(38)

Ann-C


| | | |
|---|---|---|
| GUVNL | **Gujarat Urja Vikas Nigam Limited**<br>(An ISO 9001:2015 Company)<br>*Sardar Patel Vidyut Bhavan Race Course, Vadodara-390007*<br>*(CIN U40109GJ2004SGC045195)* | 75 Azadi ka Amrit Mahotsav |
| No. GUVNL/Tech/GR 22-23/ 1650<br>Date: 09/06/2022 | Email:<br>cetech.guvnl@gebmail.com;<br>reacc@gebmail.com | Tele (Di) : (0265) 2340205<br>PBX : (0265) 2310582 to 86<br>FAX : (0265) 2337918, 2338164 |


To,
**The Chief Engineer**
Corporate Office,
DGVCL/MGVCL/PGVCL/UGVCL
Surat/Vadodara/Rajkot/Mehsana

**Sub: - GR (Administrative Approval) issued by the E & P Department, Gandhinagar for Connecting Off-grid Solar Pump to Grid which have completed Five years by erecting 11KV line & TC with Remote metering system for the FY 22-23.**

Ref: - GR No. SLR/11/2021/3087/B1 dated 03.06.2022

In connection to the above subject, copy of Govt. Resolution (Administrative Approval) issued by the E & P Department, Gandhinagar for Connecting Off-grid Solar Pump to Grid which have completed Five years by erecting 11KV line & TC with Remote metering system for the FY 2022-23, as mentioned in ref. above, is enclosed herewith.

It is requested to instruct the concerned to strictly adhere to the Terms & Conditions of the GR while implementing scheme.

9/6

**(S.S.Modi)**
**Addl. Chief Engineer (Tech)**

Encl: - As above

Copy to:-
GM (F & A), GUVNL

સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં "સોલાર એગ્રીકલ્ચર પમ્પ સેટ્સ" યોજના માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.વડોદરાને ચાલુ બાબત તરીકે સહાયકી હેઠળ રૂા.૦.૦૧ લાખ (અંકે રૂપિયા એક હજાર પુરા) અને નવી બાબત તરીકે સહાયકી હેઠળ રૂા.૨૦૬૩.૦૦ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ પૂરા) એમ મળી કુલ રૂા.૨૦૬૩.૦૧ લાખ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ એક હજાર પુરા)ની જોગવાઈને વહીવટી મંજુરી બાબત (૨૮૦૧-૮૦-૮૦૦-૩૩)

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : SLR/11/2021/3087/B1
સચિવાલય, ગાંધીનગર
તારીખ:03/0૬/૨૦૨૨

**પ્રસ્તાવના:**

રાજ્યમાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની મોટા પ્રમાણમાં પડતર અરજીઓને કારણે કૃષિ વીજ ગ્રાહકોને વીજ જોડાણ મેળવવા માટે વર્ષો સુધી રાહ જોવી પડતી તેમજ રાજ્યમાં કુલ વીજ વપરાશના ૨૦% કરતાં પણ વધુ વીજ વપરાશ કૃષિ વીજ ગ્રાહકો દ્વારા કરવામાં આવતો હોવાથી તે માટે થતા ખર્ચનો મહત્તમ હિસ્સો રાજ્ય સરકારે સબસીડીરૂપે વહન કરવો ન પડે તે હેતુથી રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ચાલુ બાબત તરીકે રૂા.૦.૦૧/- લાખ (અંકે રૂપિયા એક હજાર પુરા)ની જોગવાઈ કરવામાં આવેલ, જેનો અંદાજપત્ર પ્રકાશન-૫ ના પાના-૧૬ પર સમાવેશ કરવામાં આવેલ છે.

સદર અમલમાં મુકેલ યોજનાને પાંચ વર્ષ પૂર્ણ થયેલ તેવા વર્ષ ૨૦૧૪-૧૫માં સ્થાપિત થયેલ ૧ કિમીના અંતરના ૧૫૦૨ પૈકી અંદાજીત ૨૫% એટલે કે ૩૭૫ સોલાર પંપ અને વર્ષ ૨૦૧૫-૧૬માં સ્થાપિત થયેલ ૧ કિમીના અંતરના ૨૦૬૮ પૈકી અંદાજીત ૨૫% એટલે કે ૫૧૭ સોલારપંપ આમ કુલ અંદાજીત ૮૯૨ ઓફ-ગ્રીડ સોલારપંપને વીજ લાઈન, ટ્રાન્સફોર્મર અને રીમોટ મોનીટરીંગ સિસ્ટમ સાથે નેટવર્ક ઉભું કરી ગ્રીડ સાથે જોડવા માટે રાજ્ય સરકાર દ્વારા મળેલ મંજુરી અન્વયે સરકારશ્રી દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ઉપરોક્ત કામગીરી હાથ ધરવા માટે અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂા.૨૦૬૩.૦૦/- લાખ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ પૂરા)ની જોગવાઈ કરવામાં આવી છે. જેનો અંદાજપત્ર પ્રકાશન-૫ ના પાના-૬૧ પર સમાવેશ કરવામાં આવેલ છે.

**ઠ રા વ :-**

આથી રાજય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે "પાંચ વર્ષ પૂર્ણ થયેલ ઓફ ગ્રીડ સોલાર પંપ ધરાવતા ખેડૂતોને વીજ જોડાણ આપતી સોલાર સિસ્ટમને ગ્રીડ સાથે જોડવા" માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ને નવી બાબત તરીકેની સહાયકી હેઠળ રૂા.૨૦૬૩.૦૦/- લાખ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ પૂરા) તેમજ સદર યોજનાની ચાલુ બાબત તરીકેની સહાયકી માટે રૂા.૦.૦૧/- લાખ (અંકે રૂપિયા એક હજાર પુરા) એમ કુલ મળી રૂા.૨૦૬૩.૦૧/- લાખ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ એક હજાર પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજુરી નીચેની શરતોએ આપવામાં આવે છે.

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ-નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
(3) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
(૪) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
(૫) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
(૬) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
(૭) આ યોજનાના આયોજન અને અમલીકરણ માટે GIDBના તા.30/03/૨૦૨૨ના પત્ર મુજબ PM Gati Shakti Gujarat-Integrated master Plan Portal સાથે લીંકિંગ કરી Integration Completion Certificate with unique Project Id મેળવી લેવાનું રહેશે.
(૮) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
(૯) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
(૧૦) જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
(૧૧) સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જે કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
(૧૨) આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે
(૧૩) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૪) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
(૧૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૬) આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૧૭) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.
(૧૮) કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
(૧૯) પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
(૨૦) સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન, કે કેંદ્રીય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
(૨૧) પ્રોજેક્ટની પૂર્વની ઉપલબ્ધતા, પ્રોજેક્ટ ઇનપુટ, ડીઝાઇન, માળખાગત સુવિધાઓ, સ્થળની કામગીરી માટેની તૈયારી વિ. ની કામગીરી પૂર્ણ થયા બાદ જ પ્રોજેક્ટ શરૂ કરવાનો રહેશે.

41

(૨૨) પ્રોજેક્ટ સ્થળે ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ (પાવર-HT-LT લાઇન, પાણીના સ્ત્રોત, વાહન વ્યવહાર, મેનપાવર, રહેવાની સુવિધા, વિ. ની ઉપલબ્ધતા) સમય સર મેળવીને જ પ્રોજેક્ટની શરૂ કરવાનો રહેશે.

(૨૩) પ્રોજેક્ટ માટે જરૂરી બોર્ડ/ વહીવટી/તાંત્રિક મંજુરી/ઇનવેસ્ટમેંટ મંજુરીઓની વિગતો સક્ષમ સતાધિકારી પાસેથી સમયસર મેળવી લેવાની રહેશે.

(૨૪) પ્રોજેક્ટ માટે નિયત કરેલ ફંડીંગ પેટર્ન મુજબ સમય સર નાણાકીય સ્ત્રોત ઉભા કરીને તે મુજબ જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૫) પ્રોજેક્ટમાં આધુનિક ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરી કામગીરી હાથ ધરવાની રહેશે.

(૨૬) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૨૭) કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે

(૨૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩૦) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૩૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૩) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૩૪) Asset રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૩૫) વર્ષો-વર્ષનાં UTC(Utilization Certificate) સરકારશ્રીને રજૂ કરવાનાં રહેશે.

(૩૬) જે લાભાર્થીને પરંપરાગત વીજ જોડાણ આપવામાં આવશે તેને પાંચ વર્ષ સુધી સોલારનું મેન્ટેનન્સ કરવાનું રહેશે અને જો સોલારનું મેન્ટેનન્સ નહી કરવામાં આવે તો પરંપરાગત વીજ જોડાણનો લાભ ચાલુ રાખી શકાશે નહી.

(૩૭) ઓફ ગ્રીડ સોલાર પંપને ગ્રીડમાં જોડવા માટે જરૂરી ઉપકરણો (ગ્રીડ-ટાઇ ઈન્વર્ટર અને IS સ્ટાન્ડર્ડ મુજબ સંલગ્ન જરૂરી સુરક્ષા ઉપકરણો) અને જે હયાત ઓફ-ગ્રીડ સોલારપંપ D.C. હોય તો તેને A.C. પમ્પમાં બદલવાનો ખર્ચ લાભાર્થીએ પોતે ભોગવવાનો હોય છે. તદુપરાંત, લાભાર્થીએ પરંપરાગત ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે નિયમોનુસાર જે તે કેટેગરીના અરજદારને ભરવાપાત્ર અંદાજપત્રની રકમ તથા ગ્રીડ કનેક્ટિવિટી ચાર્જ જે તે વીજ વિતરણ કંપનીમાં ભરવાનો રહેશે.

(૩૮) ટ્રાન્સફોર્મર સહિતનું વીજવિતરણ માળખું, વીજલાઇન, મીટરીંગ સીસ્ટમ સ્થાપિત કરવાના ખર્ચ માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવશે.

(૩૯) ગ્રીડ કનેક્ટેડ સોલાર પંપ દ્વારા ગ્રીડમાં નેટ ઈન્જેક્ટેડ સરપ્લસ પાવર રૂ.૧.૭૫ પ્રતિ યુનિટના દરે વીજવિતરણ કંપની દ્વારા ખરીદવામાં આવશે.

(૪૦) આઇટી સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(42)

(૪૧) સદર વહીવટી મંજુરી અન્વયે અંદાજપત્રીય જોગવાઈમાં જો કોઈ વધારો કે ઘટાડો કરવાનો થાય તો તે મુજબ વર્ષના અંતે બાકી રહેતી ગ્રાન્ટને સુપ્રત કરવાની તેમજ વધ/ઘટ ગ્રાન્ટની પુન:વિનિયોગની વિગતો સમયમર્યાદામાં મોકલી આપવાની જવાબદારી ખર્ચ કરનારની રહેશે.

(૪૨) આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં નીચેના સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૩ |
| મુખ્ય સદર | : | ૨૮૦૧-વીજળી શકિત |
| પેટા મુખ્ય સદર | : | ૮૦- સામાન્ય |
| ગૌણ સદર | : | ૮૦૦-અન્ય ખર્ચ |
| પેટા સદર | : | (૩૩) સોલાર એગ્રીકલ્ચર પમ્પ સેટ્સ યોજનાના અમલીકરણ માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ને સહાય |
| હેડ ચાર્જેબલ | : | ૨૮૦૧ ૮૦ ૮૦૦ ૩૩ |
| વિગતવાર સદર | : | ૦૦ |
| હેતુ સદર | : | ૩૩૫૫-સહાયકી(ગ) અન્યને |

આ ઠરાવ આ વિભાગની ઓનલાઈન ફાઈલ નં.EPCD/SLR/e-file/20/2022/0007/B1 ઉપર નાણા વિભાગની તા:૨૫/૦૫/૨૦૨૨ની નોંધથી આપેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલ શ્રી ના હુકમથી અને તેમના નામે,

( જયેશ જોષી )
ઉપ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૨. જનરલ મેનેજરશ્રી(નાણા અને હિસાબો), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. વડોદરા.
૩. શ્રેયાન તિજોરી અધિકારીશ્રી, વડોદરા
૪. નાણા સલાહકારશ્રી(ઊર્જા), સચિવાલય,ગાંધીનગર.
૫. ઉપ સચિવશ્રી(બજેટ.૨), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
૭. નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી, વડોદરા.
૮. સેકશન અધિકારીશ્રી,"ખ" શાખા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. પસંદગી ફાઇલ-૨૦૨૨.

43

Ann-C

**પાંચ વર્ષ પૂર્ણ થયેલ ઓફ-ગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને પરંપરાગત વીજ જોડાણ આપવા માટે સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના**

**ગુજરાત સરકાર**
**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**
**ઠરાવ ક્રમાંક : SLR/૧૧/૨૦૧૪/GoI/૧૧૫૪/બ૧**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ: ૦૮/૦૭/૨૦૨૨**

**વંચાણે લીધા:**

૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૫.૦૯.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૬.૧૧.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨.૦૨.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૯.૦૮.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૦૫.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૬) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૦.૦૨.૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૭) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૧૧.૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ૧
૮) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૨૨.૦૭.૨૦૧૯

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકાર દ્વારા સૌર ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવા માટેની યોજના નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી અમલમાં મુકેલ. રાજ્યમાં વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮ સુધીમાં કુલ ૧૨૭૪૨ ઓફ-ગ્રીડ સોલારપંપ સ્થાપિત કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા ૮ એકરથી વધુ વિસ્તાર ધરાવતા એક જ સર્વે નંબરમાં, જો સોલાર સંચાલિત ખેતીવાડી પંપ સેટ હયાત હોય અને અરજદાર / ગ્રાહક અન્ય એક પરંપરાગત કૃષિ જોડાણની માંગણી કરે તો હયાત સોલાર સંચાલિત ખેતીવાડી પંપ સેટને વીજ જોડાણ તરીકે ગ્રાહ્ય રાખી, તે જ સર્વે નંબરમાં તેને એક અન્ય પરંપરાગત વીજ જોડાણ આપવા રાજય સરકાર દ્વારા તા:૨૭-૧૧-૧૯ના રોજથી ઠરાવ બહાર પાડેલ.

MNREની PM કુસુમ કમ્પોનન્ટ-B સ્ટેન્ડઅલોન સોલાર પંપ માટેની માર્ગદર્શિકા મુજબ, જ્યારે પણ ગ્રીડ, ઓફ ગ્રીડ વિસ્તારમાં પહોંચે છે, ત્યારે સ્ટેન્ડઅલોન સોલાર એગ્રીકલ્ચર પંપને ગ્રીડ સાથે જોડી શકાય છે. જેથી તેના આધારે ગ્રીડની ક્ષમતા મુજબ સરપ્લસ પાવર ગ્રીડમાં ફીડ કરી શકાય. વીજ વિતરણ કંપની સંબંધિત રાજ્ય/ રાજ્ય વીજ નિયમન પંચ દ્વારા નક્કી કરાયેલા દરે ખેડૂત પાસેથી આ વધારાની વીજળી ખરીદી શકે છે.

વધુમાં, જે સોલાર પંપોને સ્થાપિત થયા પછી પાંચ વર્ષ પૂર્ણ થયેલ છે તેમાંથી કેટલાક ખેડૂતોની નવા પરંપરાગત વીજ જોડાણ આપવા માટેની માંગણીઓ રાજ્ય સરકારના ધ્યાને આવેલ.

જ્યાં સોલાર પંપ પહેલેથી જ ઈન્સ્ટોલ કરેલ છે અને ઈન્સ્ટોલેશનના ૫ વર્ષ પૂર્ણ થયા છે તેવા ખેડૂતો કે, જેઓ સર્વે નંબરમાં ૮ એકર કરતા ઓછી જમીન ધરાવે છે તેવા ખેડૂતો માટે પરંપરાગત વીજ જોડાણ આપવા હયાત ઓફ-ગ્રીડ સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડી વીજ જોડાણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ, પાંચ વર્ષ પૂર્ણ થયેલ તેવા ઓફ-ગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને વીજ લાઈન, ટ્રાન્સફોર્મર અને રીમોટ મોનીટરીંગ સીસ્ટમ સાથે નેટવર્ક ઉભું કરી ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના બહાર પાડવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા અરજદારો માટેના માપદંડો / ધારાધોરણો / શરતો નીચે મુજબ રહેશે.

**(૧) લાભાર્થીની પાત્રતા:**

૧. હયાત સોલાર પંપને સ્થાપન તારીખથી પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોવા જોઈએ.

૨. જે ખેડૂત પરંપરાગત વીજ જોડાણને ઓફ-ગ્રીડ (સોલાર) સાથે જોડાણ કરવા માંગતો હોય તેને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

૩. જે ખેડૂતોને પરંપરાગત વીજ જોડાણ આપવામાં આવે તેને પાંચ વર્ષ સુધી સોલારનું મેન્ટેનન્સ કરવાનું રહેશે અને જો સોલારનું મેન્ટેનન્સ નહી કરવામાં આવે તો પરંપરાગત વીજ જોડાણનો લાભ ચાલુ રાખી શકાશે નહી.

૪. ઓફ-ગ્રીડ સોલારપંપ હયાત નજીકની ૧૧KV / LT વીજ લાઈનથી એક કિલોમીટરના અંતરે કે તેનાથી ઓછા અંતરે આવેલો હોવો જોઈએ.

**(૨) લાભાર્થીએ ભરવાપાત્ર ફાળો:**

**(અ) ખેડૂતે ડાયરેક્ટ સોલાર એજન્સીને આપવાનો થતો ખર્ચ:**

ઓફ-ગ્રીડ સોલારપંપને ગ્રીડમાં જોડવા માટે નીચે મુજબના ઉપકરણો જરૂરી હોઈ તેનો ખર્ચ ખેડૂતે ભોગવવાનો રહેશે.

૧. ગ્રીડ-ટાઈ ઈન્વર્ટર અને સંલગ્ન ACDB , DCDB , જરૂરી સુરક્ષા ઉપકરણો (Protection Devise) અને વસ્તુઓ IS સ્ટાન્ડર્ડ મુજબ

૨. જો હયાત ઓફ-ગ્રીડ સોલારપંપ D.C. હોય તો તેને A.C. પમ્પમાં બદલવાનો ખર્ચ ખેડૂતે પોતે ભોગવવાનો રહેશે.

**(બ) ખેડૂતે વીજવિતરણ કંપનીમાં ભરવાનો થતો ફાળો:**

પરંપરાગત ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે નિયમોનુસાર જે તે કેટેગરીના અરજદારને ભરવાપાત્ર અંદાજપત્રની રકમ તથા ગ્રીડ કનેક્ટિવિટી ચાર્જ ખેડૂતે જે તે વીજ વિતરણ કંપનીમાં ભરવાનો રહેશે.

**(૩)** ખેડૂત દ્વારા ઉપરોક્ત શરત (અ) માં જણાવેલ સાધનોનાં ખરીદીના જરૂરી પુરાવા આપ્યે અને (બ) મુજબનો વીજવિતરણ કંપનીમાં ભરવાપાત્ર રકમ ભરપાઈ થયેથી વીજવિતરણ કંપની દ્વારા લાઈન ઊભી કરવાનું કામ શરૂ કરવામાં આવશે.

**(૪)** હયાત સોલાર સિસ્ટમને ગ્રીડ કનેક્ટેડ કરવાનું કામ પુર્ણ થયાનું ચીફ ઇલેક્ટ્રિકલ ઇન્સપેક્ટર માન્ય કોન્ટ્રાકટરનું સર્ટિફિકેટ મળ્યેથી અને વીજવિતરણ કંપનીના અધિકારી દ્વારા વેરિફાઇ કર્યેથી વીજવિતરણ કંપની દ્વારા કનેક્શન રીલીઝ કરવામાં આવશે.

**(૫)** ટ્રાન્સફોર્મર સહિતનું વીજવિતરણ માળખું, ૧ કીમી સુધીની વીજલાઇન, મીટરીંગ સીસ્ટમ (નેટ મીટર, સોલાર મીટર, પંપ મીટર અને RMS સહિત) સ્થાપિત કરવાના ખર્ચ માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવશે.

**(૬)** જે તે ફીડર પરના 3-ph પાવર સપ્લાય શેડ્યૂલમાં કોઈ ફેરફાર કરવામાં નહીં આવે એટલે કે જ્યારે દિવસ દરમિયાન 3-ph પાવર સપ્લાય શેડ્યૂલ હશે ત્યારે ખેડૂત દ્વારા ખેતીના વીજવપરાશ બાદ વધારાની વીજળી ગ્રીડમાં નાખી શકશે પરંતુ રાત્રિના 3-ph પાવર સપ્લાય શેડ્યૂલ દરમિયાન ખેડૂત ગ્રીડના પાવર થકી મોટર ચલાવી શકશે પરંતુ તે દિવસે સોલાર ઇન્વર્ટર ગ્રીડ સાથે સીંક્રોનાઈઝ થશે નહીં.

**(૭)** ગ્રીડ કનેક્ટેડ સોલાર પંપ દ્વારા ગ્રીડમાં નેટ ઈન્જેકટેડ સરપ્લસ પાવર રૂ.૧.૭૫ પ્રતિ યુનિટના દરે વીજવિતરણ કંપની દ્વારા મૂળ ઓફ-ગ્રીડ સોલાર સીસ્ટમ સ્થાપિત થયાની તારીખથી કુલ ૨૫ વર્ષ સુધીના સમય સુધી ખરીદવામાં આવશે. (એટલેકે પાંચ વર્ષ પછીના વીસ વર્ષ ગણાશે)

46

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨૫/૦૫/૨૦૨૨ ની નોંધ તથા સરકારશ્રીની તા. ૩૦/૦૬/૨૦૨૨ ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જયેશ જોષી)**
**નાયબ સચિવ**
**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (ઉ. અને પે., નાણાં)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઉ. અને પે.) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ઉ.પે.વિ.) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી (ટેક), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (ઉ. અને પે.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઈજનેરશ્રી (ટેકનીકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ના. સે. અધી. અંગત ફાઈલ

(47) Ann-C

પાંચ વર્ષ પૂર્ણ થયેલ ઓફ-ગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને પરંપરાગત વીજ જોડાણ આપવા માટે સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજનાના ઠરાવમાં સુધારા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : SLR/e-file/૨૦/૨૦૨૨/૦૦૨૦/બ૧
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૫.૦૯.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૬.૧૧.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨.૦૨.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૯.૦૮.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૦૫.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૬) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૦.૦૨.૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૭) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૧૧.૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ૧
૮) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૨૨.૦૭.૨૦૧૯
૯) ઉ.પે. વિભાગનો તા-૮.૦૭.૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : SLR/૧૧/૨૦૧૪/GoI/૧૧૫૪/બ૧

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકાર દ્વારા પાંચ વર્ષ પૂર્ણ થયેલ તેવા ઓફ-ગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને વીજ લાઈન, ટ્રાન્સફોર્મર અને રીમોટ મોનીટરીંગ સીસ્ટમ સાથે નેટવર્ક ઉભું કરી ગ્રીડ સાથે જોડી નવા પરંપરાગત વીજ જોડાણ આપવા અંગેની યોજના જાહેર કરવામાં આવી છે.

સદર ઠરાવમાં, એનર્જીના એકાઉન્ટીંગની અને કોમર્શિયલ સેટલમેન્ટ માટેની જોગવાઈઓની સ્પષ્ટતા આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ, સદર યોજનામાં એનર્જી એકાઉન્ટીંગની અને કોમર્શિયલ સેટલમેન્ટ માટેની જોગવાઈનો સમાવેશ કરવા માટે મૂળ ઠરાવમાં નીચે મુજબ નવી શરત (૮) નો ઉમેરો કરવામાં આવે છે:

(૮) એનર્જી એકાઉન્ટીંગની અને કોમર્શિયલ સેટલમેન્ટ માટેની જોગવાઈઓ નીચે મુજબ રહેશે:

eSign Signed by: BHAKTI C SHAMAL
Organization Unit: Energy and Petrochemicals Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Apr-2023 (08:41 PM)

48

(અ) કોમર્શિયલ સેટલમેન્ટ (રકમ ચુકવવાપાત્ર, જો કોઈ હોય તો) જે-તે નાણાકીય વર્ષ (એપ્રિલ થી માર્ચ)ના આધારે હાથ ધરવામાં આવશે.

નાણાકીય વર્ષના અંતે, ફીડરમાં નેટ ઇન્જેક્ટેડ યુનિટને ડિસ્કોમ દ્વારા રૂ. ૧.૭૫ પ્રતિ યુનિટના દરે ખરીદવામાં આવશે. નેટ વપરાશ કરેલ યુનિટ નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના મંજુર થયેલ ટેરીફ શિડયુલ મુજબ જે-તે લાગુ પડતા એગ્રીકલ્ચર ટેરિફ પર વસૂલવામાં આવશે અને નાણાકીય વર્ષ દરમિયાન ગ્રાહક દ્વારા કોઈ બિલ ચૂકવવામાં આવેલ હશે તો તે ભરપાઈ અથવા સરભર કરવામાં આવશે.

(બ) વીજ બિલ ગ્રાહકને બિલીંગ સાયકલ મુજબ જારી કરવાનું રહેશે અને ગ્રાહકે ધારાધોરણો અનુસાર નિર્ધારિત સમયગાળામાં બિલની રકમ ચૂકવવાની રહેશે.

(ક) અગાઉના જમા યુનિટને સરભર કર્યા પછી બિલિંગ સાયકલ દરમિયાન ગ્રીડમાંથી ઊર્જાની ચોખ્ખી આયાત (નેટ વપરાશ) ના કિસ્સામાં, ઉપભોક્તા પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના મંજુર થયેલ એગ્રીકલ્ચર ટેરિફ શિડયુલ મુજબ ચાર્જ વસૂલવામાં આવશે.

(ડ) સિંચાઈ માટે વપરાશની જરૂરિયાત પૂરી કર્યા પછી ગ્રીડમાં ઇન્જેક્ટ કરાયેલ વધારાની ઊર્જા આગામી બિલિંગ સાયકલમાં લઈ જવામાં (carry forward) આવશે.

સદર ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે, eSign

Signed by: BHAKTI C SHAMAL
Organization Unit: Energy and Petrochemicals Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Apr-2023 (08:39 PM)

**(ભક્તિ શામળ)**
**નાયબ સચિવ**
**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (ઉ. અને પે., નાણાં)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઉ. અને પે.) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ઉ.પે.વિ.) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા

- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી (ટેક), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (ઉ. અને પે.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઈજનેરશ્રી (ટેકનીકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- સીલેક્ટ ફાઈલ/ના. સે. અધી. અંગત ફાઈલ

eSign Signed by: BHAKTI C SHAMAL
Organization Unit: Energy and Petrochemicals Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Apr-2023 (08:41 PM)